Whereas, The undersigned being the authorized officer of the **Nido Home Finance Limited (formerly known as Edelweiss Housing Finance Limited)** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest [Act], 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with [rule 3] of the Security Interest (Enforcement) Rules, 2002 issued a **demand notice dated 12-05-2026 calling upon the Borrower SACHIN RAJBHAR (BORROWER), SATISH RAJBHAR (CO-BORROWER) & USHA RAJBHAR (CO-BORROWER) to repay the amount mentioned in the notice being Rs. 14,04,598.7/- (Rupees Fourteen Lakh Four Thousand Five Hundred Ninety Eight and Seventy Paisa Only)** within 60 days from-the date of receipt of the said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that, the undersigned has taken **Physical Possession of the property through Mr. Hitesh Ramanlal Shukla, appointed as Court Commissioner in execution of order passed by Additional Chief Judicial Magistrate Court Kathor at Surat in Case No. 1651/2026** described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the Security Interest Enforcement) Rules, 2002 **on this 31st Day of (October) of the year 2026.**

The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Nido Home Finance Limited (formerly known as Edelweiss Housing Finance Limited) for an amount Rs. 14,04,598.7/- (Rupees Fourteen Lakh Four Thousand Five Hundred Ninety Eight and Seventy Paisa Only)** and interest thereon.

The borrower's attention is invited to provisions of sub- section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

THE SCHEDULE OF THE PROPERTY

All The Piece And Parcel Of The Immovable Property Bearing As Per Passing Plan Plot No. 272 (As Per Site Plot No. 272) As Per K.J.P. Admeasuring 55.76 Sq. Mts., & As Per Site Admeasuring 70.23 Sq. Mts. I.E. 84 Sq. Yard, Along With 38.69 Sq. Mts. Undivided Share In The Land Ofroad & C.O.P., In "Gokuldham Villa", Situate At Block No. 200/A, Revenue Survey No. 272 Paiki Totally Admeasuring 24615 Sq. Mts., Akar Rs. 29.44 Paisa, Of Moje Village Talithaiya, Ta. Palsana, Dist. Surat. And **Bounded As Under: North:** Plot No. 271 **South:** Society Road **East:** Society Internal Road **West:** Society Road

Date: 31/10/2026
Place: SURAT

Sd/- Authorized Officer
For Nido Home Finance Limited
(Formerly Known As Edelweiss Housing Finance Limited)

Look beyond the market noise

Track companies, market movements, and market signals capturing investor attention daily with Stocks in the News in Business Standard.

Business Standard Insight Out

To book your copy, SMS **reachbs** to **57575** or email **order@bsmail.in**

businessstandard bsindia business.standard business-standard.com

વિકાસ અને સમૃદ્ધિની કરી કામના

વડાપ્રધાને છ રાજ્યોના સ્થાપના દિવસ નિમિત્તે પાઠવી શુભેચ્છા

નવી દિલ્હી, તા.૧

દેશનાં છ રાજ્યોના સ્થાપના દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળના નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે આ રાજ્યોના નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સતત પ્રગતિની કામના કરી હતી. સાથે જ વિવિધ ક્ષેત્રોમાં આ રાજ્યો દ્વારા આપવામાં આવેલા યોગદાનની પ્રશંસા પણ કરી હતી.

દર વર્ષે ૧ નવેમ્બરે આ છ રાજ્યોનો સ્થાપના દિવસ ઉજવવામાં આવે છે. આ અવસરે વડાપ્રધાને વિવિધ સંદેશાઓ દ્વારા રાજ્યોની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો હતો.

છત્તીસગઢના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવતાં વડાપ્રધાન મોદીએ રાજ્યની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, લોકપરંપરાઓ અને કુદરતી સંપત્તિનાં વખાણ કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં નક્સલવાદની સમસ્યા દૂર થવાની દિશામાં થઈ રહેલી પ્રગતિ અને વિકાસના માર્ગે આગળ વધતું છત્તીસગઢ જોવું આનંદદાયક છે. તેમણે રાજ્યના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળના નાગરિકોને મોદીએ અભિનંદન પાઠવ્યાં

હરિયાણાના સ્થાપના દિવસ પર વડાપ્રધાને રાજ્યના ખેડૂતો, ખેલાડીઓ અને સૈનિકોના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હરિયાણાના નાગરિકોએ કૃષિ, રમતગમત, સંરક્ષણ, ઉદ્યોગ અને શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

રાજ્યની મહેનતુ જનતાના યોગદાનને બિરદાવતાં તેમણે હરિયાણાની સતત પ્રગતિ અને સમૃદ્ધિની કામના કરી હતી. વડાપ્રધાને મધ્યપ્રદેશને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને કુદરતી સૌંદર્ય ધરાવતું રાજ્ય ગણાવ્યું હતું.

તેમણે કૃષિ, ઉદ્યોગ, પ્રવાસન અને શિક્ષણ ક્ષેત્રે રાજ્ય દ્વારા કરવામાં આવેલી પ્રગતિની પ્રશંસા કરી હતી. સાથે જ રાજ્યના નાગરિકો માટે સુખાકારી અને વિકાસની નવી તકો ઊભી થાય તેવી આશા વ્યક્ત કરી હતી.



ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ યાત્રાધામ અને આસપાસના વિસ્તારોમાં ભારે બરફ વર્ખના પગલે હિમસ્ખલન થતા ફસાયેલા ૧૨ ટ્રેકર્સ પૈકીના ૪ને સુરક્ષિત બચાવી લેવાયા છે. ૮ હજુ ફસાયેલા છે. હેલિકોપ્ટરમાંથી લેવાયેલી તસવીરમાં કેદારનાથ મંદિરની આસપાસના શિખરો પર બરફની સફેદ ચાદર છવાયેલી દશ્યમાન થાય છે.

બદ્રીનાથ હેલિકોપ્ટર ક્રેશ

પહાડ અને જંગલની વચ્ચે બે દિવસની મહેનત બાદ રેસ્ક્યૂ ટીમને મળી સફળતા

દહેરાદુન, તા.૧

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં બદ્રીનાથ ધામથી દેહરાદૂન જઈ રહેલું હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ શરૂ કરાયેલું રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ થયું છે. લગભગ બે દિવસ સુધી ચાલેલા રેસ્ક્યૂ ઓપરેશન બાદ રવિવારે સવારે તમામ છ મૃતકોના મૃતદેહ પહાડી વિસ્તારમાંથી નીચે લાવવામાં આવ્યા છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને ઓળખની પ્રક્રિયા માટે ઋષિકેશની AIIMS હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, શુક્રવાર (૩૦ ઓક્ટોબર) બપોરે ૧:૧૫ વાગ્યે ટ્રાન્સ ભારત એવિએશન પ્રાઈવેટ લિમિટેડનું હેલિકોપ્ટર ફ્-ઉૐઠ બદ્રીનાથ ધામથી દેહરાદૂન માટે ઉડાન ભરી રહ્યું હતું. આ દરમિયાન જ્યોતિર્મઠ વિસ્તારમાં હાથી પર્વત પાસે હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. હેલિકોપ્ટરમાં કર્ણાટકના ૫ શ્રદ્ધાળુઓ અને દિલ્હીના રહેવાસી પાયલટ કેપ્ટન હિમાંશુ સહિત કુલ ૬ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં તમામ ૬ લોકોનાં મોત થયાં હતાં. ઘટનાની જાણ થતાં જ ચમોલી પોલીસ, SDRF, NDRF, ભારતીય સેના, ITBP, જિલ્લા વહીવટીતંત્ર, ફાયર વિભાગ અને વન વિભાગની સંયુક્ત ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. રેસ્ક્યૂ ઓપરેશનમાં લગભગ ૧૦૦ જવાનો જોડાયા હતા.

છ મૃતકોના મૃતદેહ પહાડીમાંથી નીચે લવાયા, પોસ્ટમોર્ટમ અને ઓળખ પ્રક્રિયા માટે ઋષિકેશની AIIMS હોસ્પિટલમાં મોકલાયા

દુર્ઘટનાસ્થળ ગાઢ જંગલ અને પહાડીઓ વચ્ચે હોવાથી બચાવકર્મીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ખરાબ હવામાન, હિમવર્ષા અને અંધારાને કારણે ઓપરેશન વધુ પડકારજનક બન્યું હતું. શુક્રવારે રાત્રે હવામાન બગડતાં રેસ્ક્યૂ કામગીરી થોડા સમય માટે અટકાવવી પડી હતી. ત્યારબાદ શનિવારે સવારે લગભગ ૫થી ૬ વાગ્યાની વચ્ચે ફરીથી ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતા.

રેસ્ક્યૂ ટીમોને પગપાળા રસ્તે દુર્ઘટનાસ્થળે પહોંચવામાં લગભગ ૬થી ૭ કલાકનો સમય લાગ્યો હતો. પહાડના ઉપરના ભાગે તૈનાત સેનાના જવાનો સૌથી પહેલાં ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યારે નીચેથી રવાના થયેલી અન્ય ટીમો શનિવારે બપોર બાદ ત્યાં પહોંચી હતી.

સંયુક્ત ટીમોએ તમામ મૃતદેહોને એકત્ર કરીને બોડી બેગમાં રાખ્યા હતા. ત્યારબાદ દુર્ગમ રસ્તાને ધ્યાનમાં રાખીને રેસ્ક્યૂનો માર્ગ બદલીને ટોલી નાળા તરફથી મૃતદેહોને બહાર લાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આખી રાત ચાલેલા ઓપરેશન બાદ રવિવારે વહેલી સવારે લગભગ ૪થી ૫ વાગ્યા સુધીમાં તમામ છ મૃતદેહોને પહાડ પરથી નીચે લાવવામાં સફળતા મળી હતી.

મૃતદેહોને ચાહી ગામના ટોલી નાળા થઈને રસ્તા સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને જોશીમઠ અને ત્યારબાદ NTPC હેલિપેડ પર લાવવામાં આવ્યા હતા.

વડાપ્રધાને વર્લ્ડ બેંકના અહેવાલને ટાંકીને જણાવ્યું

ભારતમાં ગરીબી ઘટાડવાની દિશામાં અભૂતપૂર્વ કાર્ય થયું

નવી દિલ્હી, તા.૧

ભારતમાં ગરીબી નિર્મૂલન અંગે વર્લ્ડ બેંકના નવા અહેવાલમાં અત્યંત પ્રોત્સાહક આંકડા સામે આવ્યા છે. અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ દરમિયાન ભારતના અંદાજે ૪૯.૬ કરોડ લોકો નીચલા મધ્યમ આવક ધરાવતા દેશો માટેની આંતરરાષ્ટ્રીય ગરીબી રેખાથી ઉપર આવ્યા છે.

આ સમયગાળામાં દેશમાં અત્યંત ગરીબીનો દર ૨૭.૧ ટકાથી ઘટીને ૨.૬ ટકા થયો છે, જે આશરે ૯૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વર્લ્ડ બેંકના આ અહેવાલનો ઉલ્લેખ કરીને દેશની આર્થિક પ્રગતિ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

વર્લ્ડ બેંકના તાજેતરના 'પોવર્ટી એન્ડ ઇક્વિટી બ્રીફ' અનુસાર, ભારતમાં ૨૦૧૧થી ૨૦૨૩ દરમિયાન ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નીચલા મધ્યમ આવક ધરાવતા દેશો માટે નિર્ધારિત ૪.૨૦ ડોલર પ્રતિદિનની આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું પ્રમાણ ૨૦૧૧માં ૫૭.૭ ટકા હતું, જે ૨૦૨૩માં ઘટીને ૧૬.૧ ટકા થઈ ગયું છે. આ ઘટાડાના પરિણામે અંદાજે ૪૯.૬ કરોડ લોકો આ ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. વર્લ્ડ બેંકે ભારતની આ ઝડપી પ્રગતિની વૈશ્વિક સ્તરે સરાહના કરી છે.

અહેવાલમાં અત્યંત ગરીબીના આંકડાઓ અંગે જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૧માં ભારતમાં અત્યંત ગરીબીનો દર ૨૭.૧ ટકા હતો, જે ૨૦૨૩માં ઘટીને માત્ર ૨.૬ ટકા રહ્યો છે. આ ગણતરી માટે વ્યક્તિદીઠ પ્રતિદિન ૩ ડોલરની આંતરરાષ્ટ્રીય અત્યંત ગરીબી રેખાનો આધાર લેવામાં આવ્યો છે.

આ સમયગાળા દરમિયાન અત્યંત ગરીબીના દરમાં ૯૦ ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં, ૨૦૨૩ સુધીમાં પણ દેશમાં અંદાજે ૩.૫ કરોડ લોકો અત્યંત ગરીબીની સ્થિતિમાં જીવતા હોવાનું સામે આવ્યું છે.

અત્યંત ગરીબીનો દર ૨૭.૧% થી ઘટીને ૨.૬% થયો, મફત અનાજ વિતરણ અને રોજગારી વૃદ્ધિને મળ્યું શ્રેય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્લ્ડ બેંકના અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે ભારતમાં ગરીબી ઘટાડવાની દિશામાં અભૂતપૂર્વ કાર્ય થયું છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા છ વર્ષમાં દેશમાં ૧૩.૪ કરોડ નવી રોજગારીની તકો ઉભી થઈ છે. આ ઉપરાંત, આવકની અસમાનતા માપતા ગિની ઇન્ડેક્સમાં પણ ઘટાડો નોંધાયો છે, જે દર્શાવે છે કે આર્થિક વિકાસનો લાભ નીચલા તબક્કા સુધી પહોંચી રહ્યો છે.

વર્લ્ડ બેંકના અહેવાલ મુજબ, ગરીબી ઘટાડવામાં સરકાર દ્વારા ચલાવવામાં આવતી મફત અને સબસિડીયુક્ત અનાજ વિતરણ યોજનાઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં કલ્યાણકારી યોજનાઓ, મહિલાઓ માટે રોજગારીની વધેલી તકો અને પરિવારોની વપરાશ ક્ષમતામાં થયેલા વધારાને કારણે ગરીબી ઝડપથી ઘટી છે.

વર્લ્ડ બેંકના અનુમાન મુજબ, ૪.૨૦ ડોલરની દૈનિક ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું પ્રમાણ વરષ ૨૦૨૬માં અંદાજે ૧૪.૨ ટકા અને ૨૦૨૮ સુધીમાં વધુ ઘટીને ૧૨.૧ ટકા થવાની શક્યતા છે. જોકે, ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેનો તફાવત, રોજગારીની સ્થિરતા અને આરોગ્ય-શિક્ષણની સુવિધાઓ પહોંચાડવા જેવા પડકારો પર હજુ વધુ ધ્યાન આપવું જરૂરી ગણાવાયું છે.

NCના ૨૫ ધારાસભ્યોનું ૧૫ દિવસનું અલ્ટીમેટમ

જમ્મુ-કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લા સરકાર સામે બળવો

શ્રીનગર, તા.૧

જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સ (NC) સરકાર સામે પાર્ટીની અંદર જ મોટો ખુલ્લો બળવો સામે આવ્યો છે. પાર્ટીના આશરે ૨૫ ધારાસભ્યોએ સરકાર વિરુદ્ધ મોર્ચો ખોલીને ઉપમુખ્યમંત્રી સહિત તમામ ૮ કેબિનેટ મંત્રીઓને ૧૫ દિવસની અંદર હટાવી મંત્રીમંડળનું સંપૂર્ણ પુનર્ગઠન કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, ધારાસભ્યોએ મુખ્યમંત્રીના રાજકીય સલાહકાર નાસિર અસલમ વાનીને પણ પદ પરથી દૂર કરવા ભારે દબાણ બનાવ્યું છે.

આ બળવાખોર તેવર શુક્રવારે સાંજે પાર્ટીના ધારાસભ્ય કૈસર જમશેદ લોનના નિવાસસ્થાને મળેલી એક ગુપ્ત બેઠક દરમિયાન સામે આવ્યા હતા. આ બેઠકમાં ૧૮ ધારાસભ્યો પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ૭ ધારાસભ્યો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. આમ, બળવાખોર નેતાઓનો કુલ આંકડો ૨૫ પર પહોંચ્યો છે.

બેઠક દરમિયાન ધારાસભ્યોએ સર્વાનુમતે એક પ્રસ્તાવ પસાર કરીને માંગ કરી હતી કે પક્ષના વ્યાપક હિત માટે આખું મંત્રીમંડળ બદલવું જરૂરી છે. આ સાથે ખાતાઓ અને વિભાગોની ફાળવણી કરતાં પહેલાં પક્ષમાં લોકશાહી ધોરણે વિચાર-વિમર્શ કરવાની બાબત પર ભાર મુકાયો હતો.૯૦ સભ્યો ધરાવતી જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સ પાસે ૪૧ ધારાસભ્યો છે. હાલ આ સરકાર કોંગ્રેસના ૬, અપક્ષના ૬ અને માકપાના ૧ ધારાસભ્યના સમર્થનથી ચાલી રહી છે. આવી સ્થિતિમાં પોતાની જ પાર્ટીના ૨૫ ધારાસભ્યોની નારાજગી અને અલ્ટીમેટમને પગલે ઓમર અબ્દુલ્લા સરકાર સામે ગંભીર રાજકીય સંકટ ઊભું થયું છે.

વેસ્ટેજ ચેમ્બરમાં ઉતરેલા ૪ કર્મીના ઝેરી ગેસથી ગૂંગળાઈ જતાં મોત

ઉજ્જૈન, તા.૧

મહાકાલ નગરી ઉજ્જૈનના દેવાસ રોડ પર આવેલી જાણીતી 'હોટેલ શ્રીગંગા'માં શનિવારે મોડી રાત્રે એક અત્યંત હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી છે. હોટેલના વેસ્ટેજ ચેમ્બર (ડ્રેનેજ ટાંકી)ની સફાઈ કરવા ઉતરેલા ૪ કર્મચારીઓના ઝેરી ગેસની ગૂંગળામણના કારણે કરૂણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં સાથી કર્મચારીઓને બચાવવા ગયેલા અન્ય કેટલાક કર્મચારીઓ પણ વિષકારી ગેસની ઝપેટમાં આવતાં ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ઉજ્જૈનની હોટેલ શ્રીગંગામાં કરૂણ દુર્ઘટના

પ્રાપ્ત વિગતો અનુસાર, હોટેલના વેસ્ટેજ ચેમ્બરમાં મીઠાઈ, ડેરી ઉત્પાદનો, ચાસણી, ઘી-તેલ અને એંઠા પાણીનો કચરો એકત્રિત થતો હતો. આ કચરાના કારણે ડ્રેનેજ લાઈન જામ થઈ જતાં શનિવારે રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે હોટેલના કર્મચારીઓ ટાંકી સાફ કરવા માટે ચેમ્બરમાં ઉતર્યા હતા. જોકે, ટાંકીમાં અગાઉથી જમા થયેલા અત્યંત ઝેરી વાયુના કારણે કર્મચારીઓ અંદર જ ગૂંગળાઈ ગયા હતા અને બહાર નીકળી શક્યા નહોતા.

અંદરથી કોઈ પ્રતિસાદ ન મળતાં તેમને બહાર કાઢવા ઉતરેલા અન્ય કર્મચારીઓ પણ બેભાન થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઉજ્જૈન જિલ્લા પોલીસ વડા (SP) પ્રદીપ શર્મા સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો અને બચાવ ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મોડી રાત સુધી ચાલેલા બચાવ ઓપરેશન બાદ ચારેય કર્મચારીઓને બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં ઝેરી વાયુ શ્વાસમાં જવાથી ગૂંગળામણને કારણે જ ચારેય કર્મચારીઓના મોત થયા હોવાનું સ્પષ્ટ થયું છે. હોટેલ સંચાલકો દ્વારા કર્મચારીઓને સેફ્ટી કિટ કે સુરક્ષાના સાધનો વગર જ ઝેરી ચેમ્બરમાં ઉતારવામાં આવ્યા હતા કે કેમ તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર ઉજ્જૈન શહેરમાં અરેરાટી સાથે ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

AAPના બે ધારાસભ્યોએ પાર્ટીમાંથી આપ્યું રાજીનામું

ચંદીગઢ, તા.૧

પંજાબમાં આગામી વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. બે ધારાસભ્યોએ પાર્ટીમાંથી રાજીનામા આપી દીધા છે. તેમાં સનૌરથી ધારાસભ્ય હરમીત સિંહ પઠાનમાજરા અને સમાનાથી ધારાસભ્ય તથા પૂર્વ મંત્રી ચેતન સિંહ જૌડામાજરા સામેલ છે. બંને ધારાસભ્યોએ પાર્ટી છોડવાની જાહેરાત કરી છે.બંને ધારાસભ્યો આજે ચંદીગઢમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જનસભા દરમિયાન ભાજપમાં સામેલ થવાની ચર્ચા છે. જોકે તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ચેતન સિંહ આમ આદમી પાર્ટીની સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. પરંતુ થોડા સમય પહેલા પાર્ટીએ સમાના વિધાનસભા સીટ પર તેમની જગ્યાએ પૂર્વ અકાલી નેતા સુરજીત સિંહ રખડાને ઈન્ચાર્જની જવાબદારી સોંપી હતી. ત્યારબાદ પાર્ટીમાં તેમની ભૂમિકાને લઈને સવાલ ઉઠી રહ્યાં હતા.

તો સનૌરથી ધારાસભ્ય હરમીત સિંહ પઠાનમાજરા પણ વિવાદોમાં રહ્યાં છે. તેમની વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ તેઓ ઓસ્ટ્રેલિયા જતાં રહ્યાં હતા. બાદમાં તપાસમાં સામેલ થવા માટે ભારત પરત ફર્યા તો પોલીસે તેમની ધરપકડ કરી હતી.

નામ બદલેલ છે

મારૂ નામ અજમેરીપીંજારા કાસીમહુસૈન શબ્બીરહુસૈનથી બદલીને અજમેરી કાસીમહુસૈન શબ્બીરહુસૈન કરેલ છે.
એડ્રેસ: એફએફ૮૦૪/૧૧, આંબલીવાળા ડહેલા, સોદાગર પોલ, જમાલપુર, અમદાવાદ.

Muthoot Homefin (India) Ltd.
CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મૂથુટ હોમફિન (ઈન્ડિયા) લિ. ૧૯/ઈ, ધ રુબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૨૮.
શાખા ઓફિસ:મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, ઓફિસ નં.૩૦૬ ૩જે માળ, થર્ડ આઈ-II, પરિમલ ગાર્ડન સામે, પંચવટી ચાર રસ્તા, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬, ગુજરાત.

એપેન્ડિક્સ-IV -A (નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ)
હરાજી કમ વેચાણ માટે જાહેર નોટિસ

મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિ.ના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ સિક્યોર્ડ એસેટનો કબજો લેવાના અનુસંધાને દેવાદાર/રો પાસેથી લેણી રકમ વસૂલ કરવા માટે ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ નીચે સહી કરનાર દ્વારા કબજામાં રહેલ મિલકતનું 'જ્યાં છે, જેમ છે અને જે કાંઈ છે તે છે'ના આધારે વેચાણ કરવા નીચે જણાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે બંધ કવરમાં ઓફરો મંગાવવામાં આવે છે, જેની વિગતો નીચે આપેલ છે:

ક્રમ નં.	દેવાદાર(રો)/ સહદેવાદાર(રો)નું નામ(મો)/ ધિરાણ ખાતા નં /શાખ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ(સ્થાવર મિલકત)નું વિગતે વર્ણન	રિઝર્વ કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝીટ(ઈએમડી) (આરપીના ૧૦%)
૧	ભૂમિ રોહિતકુમાર દેવમુરારિ/ રોહિતકુમાર દિલિપભાઈ દેવમુરારિ AHD-HL 002974 અમદાવાદ	૨૮-ફેબ્રુઆરી-૨૦૨૬/ રૂા.૩૬,૯૨,૦૩૧/- રૂપિયા છત્રીસ લાખ બાણું હજાર એકત્રીસ પૂરા	તમામ આવાસીય સંપત્તિ યુનિટ નં. એફ/૧૩૦૫, ૧૩મા માળે, બ્લોક ''એફ'' કાર્પેટ એરિયાનું ક્ષેત્રફળ ૫૪.૬ ચો.મીટર ''ઓર્ચિડ બ્લ્યુસ'' બિનખેતી જમીન સબ પ્લોટ નં. ૧, એફ.પી. નં. ૭૪, ટી.પી. સ્કીમ નં. ૯૧, બ્લોક નં. ૧૧૦, મોજે: સનાથલ, તાલુકા: સાણંદ, રજીસ્ટ્રેશન જિલ્લા અમદાવાદ અને સબ જિલ્લા: સાણંદ, સીમાઓ: પૂર્વ: એપલવુડ ટાઉનશિપ, પશ્ચિમ: ૧૮ મીટર ટી.પી. રોડ, ઉત્તર: ૧૮ મીટર ટી.પી. રોડ, દક્ષિણે: સબ પ્લોટ નં. ૨ અને ફાઈનલ પ્લોટ નં. ૭૪	રૂા. ૩૭,૭૦,૫૫૦/- રૂપિયા સાડત્રીસ લાખ સીત્તેર હજાર પાંચસો પચાસ પૂરા	રૂા. ૩,૭૭,૦૫૫/- અંકે રૂપિયા ત્રણ લાખ સીતોતેર હજાર પંચાવન પૂરા

૧ હરાજી 'જ્યાં છે, જેમ છે અને જે કાંઈ છે તે છે'ના આધારે થશે.
૨. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો સૂચિત ટેન્ડર ફોર્મમાં આપેલ છે જે ઉપર જણાવેલ રિજનલ ઓફિસમાં મળશે.
૩. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો સૂચિત ટેન્ડર ફોર્મમાં આપેલ છે જે ઉપર જણાવેલ રિજનલ ઓફિસમાં મળશે. કેવાયસી અને 'મુથુટ હોમફિન(ઈન્ડિયા) લિ.'ની તરફેણમાં ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ઈએમડી સહિત સૂચિત ટેન્ડર ફોર્મ્સમાં સીલ્ડ બીડ/ઓફર ઈએમડી સાથે ઉપર જણાવેલ સરનામે રિજનલ ઓફિસમાં જમા કરાવવાની છેલ્લી તારીખ ૦૮-ડિસેમ્બર-૨૦૨૬ના સાંજના ૦૪.૦૦ સુધી છે. પૂરાં ન ભરેલાં ટેન્ડર્સ કે છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર્સ અમાન્ય ગણવામાં આવશે અને તે રીતે અસ્વીકાર્ય બનશે. ઈએમડી પર કોઈ વ્યાજ નહીં ચૂકવાય.
૪. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ ૦૮-ડિસેમ્બર-૨૦૨૬ના બપોરના ૦૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે છે.
૫. અધિકૃત અધિકારી દ્વારા મિલકત માટે બીડ ઓફર ખોલવાની તારીખ, હરાજીની તારીખ ૦૯-ડિસેમ્બર-૨૦૨૬ બપોરે ૦૧.૦૦ વાગે ઉપર જણાવેલ શાખા ઓફિસના સરનામે છે.
૬. કોઈ પણ બાકી સ્ટેચ્યુટરી નોટિસ અને કરભારણ/કરવેરા એરિયર્સ વગેરે જો કોઈ હોય તો એની ચૂકવણી માટે એમએચઆઈએલ જવાબદાર રહેશે નહીં. હરાજીમાં સફળ ખરીદદારે એ રકમ ભરવા માટે જવાબદાર રહેશે. ઈચ્છુક બીડર પોતાની સ્વતંત્ર રીતે મિલકત પરના કરભારણ, ટાઈટલ અંગે અને નિરીક્ષણ કરીને પોતાને સંતોષ થાય તે રીતે પૂછપરછ કરાવી શકે છે.
૭. હાઈએસ્ટ બીડર એમએચઆઈએલ લિ.ની મંજૂરીને અધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના મળેલ તમામ કોઈ પણ ઓફર/બીડ સ્વીકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે. એનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
૮.દેવાદાર(રો)/જામીનદાર(રો)ને અત્રે સરફૈસી કાયદો, ૨૦૦૨ અન્વયે ૩૦ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે ઉપર જણાવેલ રકમ હરાજીની તારીખ પહેલા ચૂકવી દેવી, એમાં કસૂર થયેથી સ્થાવર મિલકત હરાજી થશે, અને જો કંઈ બાકી રહેતું હશે તો વ્યાજ અને કોસ્ટ્સ સહિત વસૂલ કરવામાં આવશે. જો દેવાદાર મૂથુટ હોમફિન(ઈન્ડિયા) લિ.ને લેણી રકમ વેચાણની તારીખ અગાઉ પૂરેપૂરી ચૂકવી આપે છે તો હરાજી મોકૂફ રહી શકે છે. વધુ વિગતો માટે અધિકૃત અધિકારીનો ઉપર જણાવેલ ઓફિસના સરનામે સંપર્ક કરવો- રવિ કે. -૭૯૮૪૯૮૧૮૯૮.

તા: નવેમ્બર-૦૨ -૨૦૨૬
સ્થળ: અમદાવાદ
સહી/-અધિકૃત અધિકારી
મૂથુટ હોમફિન(ઈન્ડિયા) લિ.

CRAFTROOT RETAIL LIMITED (Formerly Known as Nirbhay Colours India Limited)
CIN: L46411GJ1992PLC017863. **Regd. Office:** 61/201, 2nd Floor, Prerak Apartment, Nr. Wagh Bakri Tea Depot, Gujarat Collage Road, Ellisbridge, Ahmedabad - 380006.
Phone : 9825021447. **E-mail:** parthindustrieslimited@gmail.com **Website:** www.nirbhayclour.com
STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE SECOND QUARTER AND SIX MONTHS ENDED ON 30TH SEPTEMBER, 2026. (₹. IN LAKHS EXCEPT EPS AND FACE VALUE OF SHARE)

Sr No	Particulars	Quarter Ended			Half Year Ended		Year Ended
		30-09-2026	30-06-2026	30-09-2025	30-09-2026	30-09-2025	31-03-2026
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total income from operations (net)	77.82	22.50	8.30	100.32	18.88	84.66
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	42.94	9.11	0.87	52.05	2.25	26.06
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	42.94	9.11	0.87	52.05	2.25	26.06
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	32.94	9.11	0.87	42.05	2.25	22.24
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	32.94	9.11	0.87	42.05	2.25	22.24
6	Equity Share Capital	335.00	335.00	335.00	335.00	335.00	335.00
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)				---	---	—
8	Earnings Per Share (of ₹. 10/- each)(for continuing and discontinued operations)	---	---	---			
	Basic :	0.10	0.03	0.03	0.13	0.07	0.07
	Diluted:	0.10	0.03	0.03	0.13	0.07	0.07

Notes: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the stock exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarter/Annual Financial Results are available on the stock exchange websites at www.bseindia.com and on company's website: www.nirbhayclour.com.
Place : Ahmedabad, **Date :** 31.10.2026

For CRAFTROOT RETAIL LIMITED
(Formerly known as Nirbhay Colours India Limited)
Sd/-
ANAR PATEL
Managing Director - DIN :02588388

CROPSTER AGRO LIMITED
Registered Office: B/2, 207, West Gate Business Bay, Opp. Andaj Party Plot, SG Highway, Jivraj Park, Ahmedabad City, Gujarat, India, 380051 • **CIN: L46209GJ1985PLC147523**
Statement of Unaudited financial results for the Quarter and Half Year ended on 30/09/2026 (Rs. In Lakhs)

Sr. No.	Particulars	Quarter Ending 30/09/2026	Year to Date Figures 31/03/2026	Corresponding Three Months Ended in the Previous Year 30.09.2025
1	Total income	843.88	17524.3	10356.16
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	349.48	1431.95	428.10
3	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	349.48	1431.95	428.10
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	349.48	1377.58	411.85
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	349.48	1377.58	411.85
6	Equity Share Capital	8400.00	8400.00	2800.00
7	Reserves & Surplus (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-------	-------	-------
8	Face Value of Equity Share Capital	1	1	10
9	Earnings Per Share (Basic / Diluted)			
	Basic	0.04	0.16	0.05
	Diluted	0.04	0.16	0.05

Note: The above is an extract of the detailed format of Quarterly and Half Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Regulations, 2015. The full format of the Quarterly and Half Yearly Financial Results are available on the Stock Exchange website i.e. **www.bseindia.com.**
Date : 31/10/2026
Place : Ahmedabad
For, **Cropster Agro Limited,**
SD/- **Vijaykumar Kalabhai Nayak**
Managing Director - DIN: 11839733

SOFTRAK VENTURE INVESTMENT LIMITED CIN NO : L99999GJ1993PLC020939
SOFTRAK REACHING FOR PERFECTION
Regd. Office: 201, Moon Light Shopping Centre, Nr. Maruti Towers, Drive in Road, Memnagar, Ahmedabad- 380052.
Website: www.softrakventure.in | **Email :** softrakventure@gmail.com | **Phone :** 9879989680.
STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE SECOND QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2026 (₹ in Lacs, Except EPS)

Sr No	Particulars	Quarter Ended			Six Months Ended		Year Ended
		31.09.2026	30.06.2026	30.09.2025	31.09.2026	30.06.2026	30.09.2025
		Unaudited	Unaudited	Unaudited	Unaudited	Unaudited	Unaudited
1	Total Revenue	31.82	22.32	30.02	54.14	42.54	267.44
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items#)	17.74	7.85	15.02	25.59	18.52	25.68
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#)	17.74	7.85	15.02	25.59	18.52	25.68
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#)	12.74	7.85	12.02	20.59	14.64	15.80
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	12.74	7.85	12.02	20.59	14.64	15.80
6	Equity Share Capital	4507.79	4507.79	4507.79	4507.79	4507.79	4507.79
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year.	--	--	--	--	--	---
8	Earnings Per Share (of ₹ 1/- each) (for continuing and discontinued operations) -						
	Basic:	0.01	0.00	0.01	0.01	0.03	0.06
	Diluted:	0.01	0.00	0.01	0.01	0.03	0.06

Notes: Note: - The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the stock exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarter/Annual Financial Results are available on the stock exchange websites at www.bseindia.com and on company's website: www.softrakventure.in.
Place : Ahmedabad, Date : 31.10.2026

For
Softrak Venture Investment Limited
Sd/-
RAGHVENDRA KULKARNI,
MANAGING DIRECTOR.
DIN : 06970323